

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com
www.parajiyasoni.in

વર્ષ : ૩૬ • અંક : ૨ • પાના : ૨૪ તંત્રી : ભરત કે. સતિકુંવર ફેબ્રુઆરી – ૨૦૨૫ મૂલ્ય : રૂા. ૧૨/–



## ભાવભરી શ્રધ્ધાંજલિ

**પ્રમુખશ્રી**
**સ્વ. વિજયભાઈ**
**હંસરાજભાઈ પટ્ટણી**


नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

।। જય શ્રી રાંદલ મા ।।

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન
ઓધવજીભાઈ વાચા



સ્વ. ઓધવજીભાઈ
જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ'**
**નિભાવ ફંડના**
**મુખ્ય દાતા**



સ્વ. ગોરધનદાસ
ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ
ઓધવજીભાઈ વાચા

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)

**એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે***

**શુધ્ધ શાકાહારી*** **ઓપન કેટરર્સ***







# SONI BANQUET HALL





**આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો**

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ

(* શરતો લાગુ)

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી (બોરીવલી)નું મુખપત્ર**

**પરજિયા**
**સોની સંદેશ**

<u>તંત્રી</u> :
**ભરત કે. સતિકુંવર**

❖

**<u>પ્રકાશન સ્થળ</u>**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**<u>મુખપત્રના માલિક</u>**
**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : **022-2898 3905**
**022-2899 9097**
ફોન : **+91-93244 35547**
**Email: sonisandesh1@gmail.com**

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**<u>મુદ્રણ સ્થાન</u>**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**<u>આજીવન લવાજમના દરો :</u>**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**

લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** **(Shree Mumbai Upnagar Parajiya Sahakari Society)** ના નામે મોકલવા.

# આ અંકમાં વાંચશો...


- *તંત્રી સ્થાનેથી....*
- *પ્રમુખશ્રી ને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ*
- *આવકાર - તલનું તેલ*
- *જ્ઞાતિ ગૌરવ - અભિનંદન*
- *ભેટની યાદી*
- *ગેરસમજણ*
- *કાવ્ય વિભાગ*
- *ભેટ બદલ આભાર*







## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર



## તંત્રી સ્થાનેથી....

"વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે..."

### એક વ્યક્તિત્ત્વ જે ક્યારે વિસરાશે નહીં

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણીના અવસાનથી તેમના પરિવાર સહીત સમગ્ર જ્ઞાતિને કાયમની ખોટ પડી છે.

સ્વ. શ્રી વિજયભાઈ પટ્ટણીએ પરિવાર, સંબંધો, સંસ્થા અને સમાજ પ્રત્યેની દરેક જવાબદારી સુપેરે નિભાવી છે.

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીના પ્રમુખસ્થાનેથી તેમણે દાતાઓ, સમાજઅગ્રણીઓ અને વિશેષ સંસ્થાના પદાધિકારીઓ સમિતિ સભ્યોના સહયોગથી અનેક કાર્યોને વેગ આપી સંસ્થાને એક નવી ઊંચાઈ પર લઈ ગયા છે. જે આજે આપણી સહુની નજર સમક્ષ છે.

સ્વ. શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણીના સેવાકાર્યોની સુવાસ દેશ-વિદેશમાં ફેલાયેલી છે. જૂજ વ્યક્તિઓ હોય છે, જે સમાજસેવા કરીને અમરત્વ પ્રાપ્ત કરે છે તેમાં વિજયભાઈ અગ્રસ્થાને છે. આજે દેહસ્વરૂપે તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ આપણા હૃદયમાં હંમેશા જીવંત રહેશે.

**"સ્વ. શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણીના**
**સ્મરણો ખૂટશે નહી પણ શબ્દો અચૂક ખૂટી પડ્યા છે."**

**– ભરત કે. સતિકુંવર**

**તમે તમારા શબ્દોના માલિક છે, પરંતુ એકવાર બોલાય પછી શબ્દો તમને કંટ્રોલ કરે છે.**



Mr. Bharat Solanki : 093200 50751

# શ્રી વાઘેશ્વરી સેવા સમીતી ચેરીટેબલ ટ્રસ્ટ

B.P.T. ACT OF 1950-Regd. No. E 30833 (Mumbai) - PAN NO. AARTS5487J
CSR No. : CSR00023232

સાંઈ નગર, ક્રોસ રોડ નં. ૧, નટુભાઈ ગણાત્રા ચાલ, રૂમ નં. ૨, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
Email: shreevageshwarisevasamiti@gmail

Date : 6/2/2025

: ભાવાંજલિ :

"મુંબઈ ઉપનગર પરજીયા પટ્ટણી સોની વાડી" ના પ્રમુખશ્રી વિજયભાઈ હંસરાજભાઈ સોતકુંવર (ચરવાળા)ની અચાનક આપણા વચ્ચેથી વસમી વિદાયથી અત્યંત ઘેરા શોકની લાગણી અનુભવી.

તેઓની સ્વજ્ઞાતિ પ્રત્યેની અત્યંત સેવાભાવની લાગણી, તેઓનો સહજ મિલનસાર સ્વભાવ, અને પોતાની આગવી સૂઝથી સમસ્ત સમાજના હિત માટે સંચાલન - કાર્યકુશળતા, તેમજ આપણી તમામ જ્ઞાતિસંસ્થાઓ સાથે ઉમદા સંબંધો દ્વારા સર્વેને સાથે લઈ સમાજ એકતા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા.

આપણી આ માતૃસંસ્થા એવી બોરીવલી શ્રી સોની વાડી ની પ્રગતિ અને વિકાસમાં તેઓનો નક્કર બહુમૂલ્ય ફાળો રહ્યો છે.

તેમની વસમી વિદાયથી આપણા સમસ્ત સમાજને ના પૂરી શકાય તેવી કાયમની ખોટ પડી છે.

અમો સર્વે તેઓના સમસ્ત પરિવાર પ્રત્યે અત્યંત શોકની લાગણી પ્રગટ કરીએ છીએ.

સાથે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીયે છીએ કે તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખ અને આઘાત સહન કરવાની શક્તિ આપે, તેમજ તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે.


પ્રમુખશ્રી,
શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)
તથા સમસ્ત ટ્રસ્ટીગણ ના જયશ્રીકૃષ્ણ.

# શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ – મુંબઈ

સહયોગ : **શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી,**
સોની વાડી, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨.

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

In Loving Memory of
SHRI. VIJAY BHAI
HANSRAJBHAI PATTNI




Fondly remembered by Shree Parajiya Soni Suvarnakar Yuvak Mandal Mumbai

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીના **પ્રમુખશ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવર** હંમેશા સકારાત્મક અભિગમ, સમર્પણ અને આપણા સમાજના ઉત્થાનમાં દૃઢ વિશ્વાસ ધરાવતા હતા અને તેમણે વિવિધ પ્રવૃત્તિઓમાં અપાર સફળતા પ્રાપ્ત કરી હતી.

શ્રી વિજયભાઈનો ભાવ હંમેશા નૈતિક, સામાજિક અને નાણાકીય સહાય આપીને જરૂરિયાતમંદ લોકોના જીવનને સુંદર બનાવવાનો હતો. તેમની સમુદાય પ્રત્યેની અતૂટ ભાવના, નિઃસ્વાર્થ પ્રયાસો અને પરજીયા સોની સમાજ માટેનો અમૂલ્ય સમય અને સહકાર શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ, મુંબઈના તમામ સભ્યો અને તેમને નજીકથી જાણનારા દરેકને ખૂબ જ યાદ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રભુપ્રાર્થના અને તેમના પરિવાર અને પ્રિયજનોને આ મુશ્કેલ સમયમાં વધુને વધુ શક્તિ આપે.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી વાઘેશ્વરીમાતા પ્રસન્નોસ્તુ ॥

# શ્રી પરજીયા સોની જ્ઞાતિ સેવા સમિતિ – અમદાવાદ

(રજી.નં. : ઈ ૩૯૩૯, તા. ૧૪-૮-૮૦)

પશુ દવાખાના સામે, માદલપુર ગામ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

રેફ. નં. : તારીખ :

! "શ્રધ્ધાંજલી" !

તા: ૦૪/૦૨/૨૦૨૫ નાં રોજ "મુંબઈ ઉપનગર પરજીયા પટ્ટણી સોની વાડી" ના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતિકુંવર [ચરવાળા] ની અચાનક આપણાં વચ્ચેથી વસમી વિદાયના સમાચાર મળ્યાં...

આ જાણી અત્યંત ઘેરા શોકની લાગણી અનુભવી...

તેઓની આપણી પરજીયા જ્ઞાતિ પ્રત્યેની અત્યંત સેવાભાવની લાગણી દ્વારા તેઓનાં સહજ મિલનસાર સ્વભાવ દ્વારા, અને પોતાની આગવી સૂઝ-બૂઝથી સમસ્ત પરજીયા સમાજ માટે "સંચાલન-બધ્ધ રહીને કાર્યકુશળતાં દાખવીને ઉમદા સામાજીક કાર્યો કર્યા....

અને તે સાથે સાથે, તેઓ આપણી તમામ જ્ઞાતિ તેમજ "અમદાવાદ પરજીયા સમાજ" સાથે ઉમદા અને લાગણીભર્યાં સંબંધો બાંધીને સર્વેને સાથે લઈ સમાજ એકતા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા...

તેમની આ વસમી વિદાયથી આપણાં સમાજને ન પુરી શકાય તેવી કાયમની ખોટ પડી છે..

તે બદલ અમો સર્વે તેઓના સમસ્ત પરિવાર પ્રત્યે અત્યંત શોકની લાગણી પ્રગટ કરીએ છીએ...

સાથે સાથે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે, પ્રભુ તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખ અને આઘાત સહન કરવાની શકિત આપે તેમજ તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે...

* અમદાવાદ પરજીયા સોની સમાજ નાં

! "જયશ્રી કૃષ્ણ" !

શ્રી પરજીયા સોનીજ્ઞાતિ સેવા સમિતિ અમદાવાદ

પ્રમુખ ઉપપ્રમુખ મંત્રી

# શ્રદ્ધાસુમન

## શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ, ભાવનગર

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતિકુંવરના તા. ૨-૨-૨૦૨૫ ના રોજ નિધનના દુ:ખદ સમાચારથી આઘાત અને શોકની લાગણી અનુભવીએ છીએ.

સ્વ. શ્રી વિજયભાઈનો માયાળુ સ્વભાવ અને આપણા સમાજના કામ માટે સદા તત્પર, જ્ઞાતિ માટે પોતાનું જીવન સમર્પિત કરેલ એવા વ્યક્તિની ખોટ પડી છે. બોરીવલી વાડીની અખંડતા અને જાળવણી માટેના તેમના અથાક પ્રયત્નોને યાદ કરતા, આવા મહાપુરુષને આપણે ગુમાવેલ છે.

તેઓશ્રીની અણધારી વસમી વિદાયથી તેમના પરિવારજનોને આઘાત સહન કરવા શક્તિ આપે, પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુપ્રાર્થના.

**– હરેશકુમાર મોહનલાલ ધાણક**

માજી પ્રમુખ (મો.: ૯૮૨૪૨૮૩૮૮૨)



## પરજિયા પ્રતિષ્ઠાન

મુઠ્ઠી ઉંચેરા માનવી સ્વ. શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણીની વિદાય તેમના પરિવારસહ સમગ્ર સમાજ માટે અસહ્ય છે.

સ્વ. શ્રી વિજયભાઈ સમાજના કાર્યોમાં હંમેશ અગ્રેસર રહી નિ:સ્વાર્થ સેવા આપતા અને અંત સમય સુધી તેઓ કાર્યરત રહ્યા.

આપના ઉત્તમ જીવનમૂલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ, ઉદાર દિલ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે.

**– ભરત કનૈયાલાલ**

**સતિકુંવર**

* * *

## अखिल भारतीय सुवर्णकार संघ

श्री मुंबई उपनगर परजिया सहकारी सोसायटी – सोनीवाडी या संस्थेचे कार्यशील व दूरदृष्टि असणारे अध्यक्ष श्री. विजयभाई हंसराजभाई पट्टणी यांचे दु:खद निधन झाले. सुवर्णकार व परजिया समाजासाठी तळमळीने काम करणारे प्रामाणिक व ध्येयवादी नेते आपल्यातुन निघून गेल्याने सुवर्णकार व परजिया समाजाचे फार मोठे नुकसान झाले. अश्या महान नेत्याला अखिल भारतीय सुवर्णकार संघाच्या वतीने भावपूर्ण श्रद्धांजली.

**नितीन एस. मसुरकर**

उपाध्यक्ष

### આર્થિક સહાય બાબત

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા આર્થિક સહાય આપવાની હોય, જે લાભાર્થી મેમ્બર હોય તેઓને વિનંતી કે તમારા રેકોર્ડ અપડેટ કરી રહ્યા છીએ, આ બાબત તમારા લેટેસ્ટ પાસબુક કોપી, ફોટો અને આધારકાર્ડ ઝેરોક્ષ (ફરજીયાત) સત્વરે સોનીવાડીમાં જમા કરાવશો.**

*મન જેવો સ્વામી ક્યાંય નથી, આંખે જેવો દીવાન ક્યાંય નથી, આંખ જેને ફક્ત જોઈને આદર કરે છે. મન તેવા વશમાં થઈ જાય છે. – રહીમ*

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૧–૨૦૨૫ થી ૩૧–૦૧–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

### શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

૧,૦૦૧/- મહુવાવાળા (હાલ બોરીવલી) અર્ચનાબેન રાજેશકુમાર સાગર ના પ.પૂ. પિતાશ્રી સોની રમેશભાઈ ઘુસાભાઈ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે દોહિતર પેટે એજ્યુકેશ ફંડમાં અર્પણ.

૫૦૧/- રજનીકાંતભાઈ (ભાવેશ) પ્રભુદાસભાઈ ધકાણ, દિનેશભાઈ સોમચંદભાઈ શાહ તરફથી ચિ. રાહુલ તથા ચિ. શ્રદ્ધાના શુભ લગ્ન નિમિત્તે એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

### ‘મેડિકલ સહાય ફંડ’

૫૦૧/- રજનીકાંતભાઈ (ભાવેશ) પ્રભુદાસભાઈ ધકાણ, દિનેશભાઈ સોમચંદભાઈ શાહ તરફથી ચિ. રાહુલ તથા ચિ. શ્રદ્ધાના શુભ લગ્ન નિમિત્તે મેડિકલ ફંડમાં ખુશી ભેટ.

### બિલ્ડીંગ ફંડ

૫૦૦/- મૂળ નાની ખાખરવાળા (હાલ માંડવી-કચ્છ) સોની દિનેશભાઈ એમ. ધકાણ તરફથી બિલ્ડીંગ ફંડમાં ભેટ.

---

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

**તા. ૦૧–૦૧–૨૦૨૫ થી ૩૧–૦૧–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

૧,૦૦૨/- રજનીકાંતભાઈ (ભાવેશ) પ્રભુદાસભાઈ ધકાણ
દિનેશભાઈ સાગરચંદ શાહ – ગઢડા સ્વામીના (હાલ દહિસર) રજનીકાંતભાઈ (ભાવેશ) પ્રભુદાસભાઈ ધકાણ, દિનેશભાઈ સાગરચંદ શાહ તરફથી મહાજન સેવા ટ્રસ્ટમાં દવા સહાયમાં ભેટ.

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને ‘શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી’ સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code પર સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**

**પરજીયા સોની સંદેશના વાચકો માટે**

**‘પરજીયા સોની સંદેશ’ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



* જન્મ *
તા. ૧૭-૦૪-૧૯૫૦

* શ્રીજી ચરણ *
તા. ૦૨-૦૨-૨૦૨૫

## સ્વ. વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણી

**ગામ : ચર (હાલ મુંબઈ)**

**પ્રમુખશ્રી – શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પુકારે છે તમને,
સ્મરણ તમારું થાય છે અમને, મન મૂકી રડાવે છે અમને,
અંજલિ આપતા હૈયુ તૂટે છે, પુષ્પાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારું માર્ગદર્શન હતા.
આપના ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં...

શ્રી જમનાદાસ ઘુસાભાઈ ધકાણ
શ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી
શ્રી જીતુભાઈ નારણદાસ સુરૂ
શ્રી ધર્મેશભાઈ અરવિંદભાઈ મીનાવાલા
શ્રી તરૂણભાઈ હમીરભાઈ સોલંકી
શ્રી ગિરીશભાઈ રામભાઈ સાગર
શ્રી નટવરલાલ નંદલાલ સતિકુંવર



શ્રી વિજયભાઈ જસવંતભાઈ સાગર
શ્રી અમુભાઈ કાલીદાસ ઘઘડા
શ્રી અશ્વિનભાઈ ધીરજભાઈ વાયા
શ્રી વસંતભાઈ મગનભાઈ ચોકસી
શ્રી તુષારભાઈ રામજીભાઈ ધકાણ
શ્રી અશ્વિનભાઈ નાથાલાલ સલ્લા

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી તથા સમસ્ત સોની જ્ઞાતિ વતી**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

# સોની વિજયભાઈ હંસરાજભાઈ સતિકુંવર

ચર નિવાસી, હાલ બોરીવલી (વેસ્ટ)



: જન્મ :
તા. ૧૭–૪–૧૯૫૦

: શ્રીજીચરણ :
તા. ૨–૨–૨૦૨૫

*સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,*
*સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,*
*ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.*

*આપના ઉત્તમ જીવનમૂલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ,*
*ઉદાર દિલ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.*

*પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે...*



ધર્મપત્ની : **રેખાબેન વિજયભાઈ સતિકુંવર**

ભાઈ : **જસવંતભાઈ હંસરાજ સતિકુંવર**
**ડાયાભાઈ હંસરાજ સતિકુંવર**
**સ્વ. કાંતિભાઈ હંસરાજ સતિકુંવર**

ભાભી : **વિરમતી જસવંતભાઈ સતિકુંવર**
**કુંદન ડાયાભાઈ સતિકુંવર**
**ગં.સ્વ. ઉષા કાંતિલાલ સતિકુંવર**

પુત્ર : **મયુર વિજયભાઈ સતિકુંવર**
**ચિરાગ વિજયભાઈ સતિકુંવર**

પુત્રવધૂ : **રૂપલ મયુરભાઈ સતિકુંવર**
**ગોપી ચિરાગભાઈ સતિકુંવર**

પૌત્રી : **સિમરન મયુરભાઈ સતિકુંવર**
**આશિ મયુરભાઈ સતિકુંવર**

પૌત્ર : **ધિયાન ચિરાગભાઈ સતિકુંવર**
**કિયાંશ ચિરાગભાઈ સતિકુંવર**

પુત્રી : **દિપા ધર્મેશ સલ્લા**

# TRIBUTE



**Shri Vijaybhai Hansraj Satikuvar**
**Pramukh of Shri Mumbai**
**Upnagar Parjiya Soni Sahkari Society**
**(Mumbai Soni Samaj)**
***sadly passed away on 2nd February 2025.***

His invaluable contributions to the global organization of the Parajiya Soni Samaj were immeasurable. He built unbreakable bonds not only in Mumbai but with organizations around the world.

His friendly nature and unwavering sense of community will be deeply missed by all who knew him.

It is with great sorrow that I mourn the loss of cherished relationship with Vijaybhai. May God grant his soul eternal peace, and may his family find the strength to cope with this immense loss.

"Jai Shri Krishna"
**Hiren Vaya – Admin**
**Pattani World, Nairobi**
( www.pattniworld.com )

# તલનું તેલ

તમે તલના તેલ વિશે બહુ ઓછું સાંભળ્યું હશે..!! તલના તેલમાં એટલી શક્તિ છે કે તે પથ્થરને પણ તોડી શકે છે! પ્રયોગ અજમાવી જુઓ...તમે એક પહાડી પથ્થર લો અને તેમાં વાટકી જેવો ખાડો બનાવો, તેમાં પાણી, દૂધ, ઘી કે દુનિયાનું કોઈ પણ કેમિકલ કે એસિડ નાખો, એ પથ્થરમાં જેમ છે તેમ જ રહેશે અને અંદર ઉતરશે નહીં...!! પણ જો તમે તે પથ્થરમાં તલનું તેલ નાખશો અને ૨ દિવસ પછી તમે જોશો કે તલનું તેલ પથ્થરની અંદર પ્રવેશીને પથ્થરની નીચે આવી જશે. આ છે તલના તેલની શક્તિ.!

આ તેલની માલિશ કરવાથી તે હાડકાંમાં પ્રવેશ કરે છે અને હાડકાંને મજબૂત બનાવે છે. તલના તેલમાં ફોસ્ફરસ હોય છે જે હાડકાંને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

તલનું તેલ એક એવી વસ્તુ છે જે કોઈપણ ભારતીય ઈચ્છે તો થોડી મહેનત પછી સરળતાથી મેળવી શકે છે. તેણે કોઈ કંપની પાસેથી તેલ ખરીદવાની જરૂર નહીં પડે. – તલ ખરીદો અને કાચી ઘાણી એ જઈ તેનું તેલ કઢાવી શકો છો.! તેલ શબ્દ તલ શબ્દ પરથી આવ્યો છે. તલમાંથી જે નીકળે છે તે તેલ છે, એટલે કે તેલનો ખરો અર્થ છે ''તલનું તેલ''તલના તેલની સૌથી મોટી ગુણવત્તા એ છે કે તે શરીર માટે પણ દવાનું કામ કરે છે. તમને ગમે તે રોગ હોય, તે શરીરમાં તેની સામે લડવાની ક્ષમતા વિકસાવવાનું શરૂ કરે છે. આ ગુણવત્તા આ પૃથ્વી પરની અન્ય કોઈપણ ખાદ્ય સામગ્રીમાં જોવા મળતી નથી..! ૧૦૦ ગ્રામ સફેદ તલમાંથી ૧૦૦૦ મિલિગ્રામ કેલ્શિયમ મળે છે. તલના બીજમાં બદામ કરતાં છ ગણું વધુ કેલ્શિયમ હોય છે. કાળા અને લાલ તલમાં ભરપૂર માત્રામાં આયર્ન તત્વો હોય છે જે એનિમિયાની સારવારમાં અસરકારક સાબિત થાય છે. તલમાં રહેલું લેસીથિન નામનું રસાયણ રક્ત વાહિનીઓમાં કોલેસ્ટ્રોલના પ્રવાહને જાળવવામાં મદદરૂપ છે. તલના તેલમાં કુદરતી રીતે હાજર સિસ્મોલ એ એન્ટી–ઓક્સિડન્ટ છે જે તેને ઊંચા તાપમાને પણ ઝડપથી બગડવા દેતું નથી.

આયુર્વેદ ચરક સંહિતામાં, તેને રસોઈ માટે શ્રેષ્ઠ તેલ માનવામાં આવે છે. તલના બીજમાં વિટામિન સી સિવાયના તમામ જરૂરી પોષક તત્વો હોય છે જે સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. તલ વિટામિન બી અને આવશ્યક ફેટી એસિડથી ભરપૂર હોય છે. તેમાં મેથિઓનાઇન અને ટ્રિપ્ટોફેન નામના બે અત્યંત મહત્વપૂર્ણ એમિનો એસિડ હોય છે જે મોટા ભાગના શાકાહારી ખોરાક જેમ કે ચણા, મગફળી, રાજમા, ચણા અને સોયાબીનમાં હોતા નથી. ટ્રિપ્ટોફન એ શાંત તત્વ હોવાનું પણ કહેવાય છે જે ગાઢ ઊંઘ લાવવા માટે સક્ષમ છે. તેનાથી ત્વચા અને વાળ પણ સ્વસ્થ રહે છે. મેથિઓનાઇન લીવરને સ્વસ્થ રાખે છે અને કોલેસ્ટ્રોલને પણ કંટ્રોલ કરે છે.

તલના બીજ એ તંદુરસ્ત ચરબીનો ઉત્તમ સ્ત્રોત છે જે ચયાપચયને વધારે છે. તે કબજિયાત પણ અટકાવે છે. તલના બીજમાં રહેલા પૌષ્ટિક તત્વો જેમ કે કેલ્શિયમ અને આયર્ન ત્વચાને ચમકદાર રાખે છે. તલના બીજમાં ન્યૂનતમ સંતૃપ્ત ચરબી હોય છે, તેથી તેમાંથી બનાવેલ ખોરાક હાઈ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરી શકે છે. તેનો સાદો અર્થ એ છે કે જો તમે નિયમિતપણે જાતે જ કાઢેલા શુદ્ધ તલના તેલનું સેવન કરો છો, તો તમારા બીમાર પડવાની શક્યતાઓ નહિવત છે. જ્યારે શરીર બીમાર નથી, ત્યારે સારવારની જરૂર રહેશે નહીં.– એ જ તો ''આયુર્વેદ'' છે. આયુર્વેદનો મૂળ સિદ્ધાંત છે કે શરીરને યોગ્ય આહાર દ્વારા જ સ્વસ્થ રાખો જેથી

શરીરને દવાની જરૂર ન પડે.એક વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે બજારમાં કેટલાક લોકો તલના તેલના નામે કંઈક બીજું તેલ વેચી રહ્યા છે, જેને ઓળખવું મુશ્કેલ બનશે. આવી સ્થિતિમાં, ફક્ત તમારી સામે કાઢવામાં આવેલા તેલ પર વિશ્વાસ કરો. આ કામ ચોક્કસપણે થોડું મુશ્કેલ છે, પરંતુ પ્રથમ પ્રયાસથી, આ શુદ્ધ તેલ તમારી પહોંચમાં આવશે. જ્યારે તમે ઇચ્છો ત્યારે કાચી ઘાણી પર જાઓ અને તેલ કઢાવી લો. તલના બીજમાં મોનો-સેચ્યુરેટેડ ફેટી એસિડ હોય છે જે શરીરમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે અને સારા કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએલમાં વધારો કરે છે. (HDL) વધારવામાં મદદ કરે છે. તે હૃદય રોગ, હૃદયરોગનો હુમલો અને એથરોસ્ક્લેરોસિસની શક્યતા ઘટાડે છે. કેન્સર સામે રક્ષણ આપે છે.

તલના બીજમાં સેસામિન નામનું એન્ટી-ઑકિસડન્ટ હોય છે જે માત્ર કેન્સરના કોષોના વિકાસને અટકાવે છે પરંતુ જીવતા રસાયણોના ઉત્પાદનને રોકવામાં પણ મદદ કરે છે.તે ફેફસાના કેન્સર, પેટનું કેન્સર, લ્યુકેમિયા, પ્રોસ્ટેટ કેન્સર, સ્તન કેન્સર અને સ્વાદુપિંડના કેન્સરની અસરોને ઘટાડવામાં ઘણી મદદ કરે છે. સ્ટ્રેસ ઘટાડે છે. તેમાં નિયાસિન નામનું વિટામિન હોય છે જે તણાવ અને ડિપ્રેશનને ઘટાડવામાં મદદ કરે છે.હૃદયના સ્નાયુઓને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે- તલના બીજમાં કેલ્શિયમ, આયર્ન, મેગ્નેશિયમ, ઝિંક અને સેલેનિયમ જેવા આવશ્યક ખનિજો હોય છે જે હૃદયના સ્નાયુઓને સરળ રીતે કાર્ય કરવામાં મદદ કરે છે અને નિયમિત અંતરાલ પર હૃદયના ધબકારા વધારવામાં મદદ કરે છે. 'બાળકના હાડકાંને શક્તિ આપે છે - તલમાં આહાર પ્રોટીન અને એમિનો એસિડ હોય છે જે બાળકોના હાડકાંના વિકાસ અને મજબૂતીકરણમાં મદદ કરે છે. ઉ.દા. ૧૦૦ ગ્રામ તલમાં લગભગ ૧૮ ગ્રામ પ્રોટીન હોય છે, જે બાળકોના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. સગર્ભા સ્ત્રી અને ગર્ભને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે- તલમાં ફોલિક એસિડ હોય છે જે ગર્ભવતી સ્ત્રી અને ગર્ભને સ્વસ્થ અને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આયુર્વેદ મુજબ આ તેલથી માલિશ કરવાથી બાળકો આરામથી સૂઈ જાય છે. ઓસ્ટીયોપોરોસીસ અથવા ઓસ્ટીયોપોરોસીસ સામે લડવામાં મદદ કરે છે- તલના બીજમાં ઝીંક અને કેલ્શિયમ હોય છે જે ઓસ્ટીયોપોરોસીસની શક્યતાઓને ઘટાડવામાં મદદ કરે છે.

ડાયાબીટીસની દવાઓ અસરકારક બનાવે છે- વિનાયક મિશન યુનિવર્સિટી, તમિલનાડુના બાયોટેક્નોલોજી વિભાગના અભ્યાસ અનુસાર, તે હાઈ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે અને તેની એન્ટિ-ગ્લાયકેમિક અસર બ્લડ ગ્લુકોઝના સ્તરને ૩૬% સુધી ઘટાડવામાં મદદ કરે છે. જ્યારે તે ડાયાબિટીસ વિરોધી દવા (Glibenclamide) સાથે સંયોજનમાં કામ કરે છે. તેથી, તે ટાઇપ-૨ ડાયાબિટીસના દર્દીઓ માટે મદદરૂપ સાબિત થાય છે.

તલમાં દૂધ કરતાં ત્રણ ગણું વધુ કેલ્શિયમ હોય છે. તે કેલ્શિયમ, વિટામિન બી અને ઇ, આયર્ન અને ઝિંક, પ્રોટીનથી સમૃદ્ધ છે અને તેમાં કોઈ કોલેસ્ટ્રોલ નથી.

તલનું તેલ એક એવું તેલ છે જે વર્ષો સુધી બગડતું નથી, ઉનાળામાં પણ એવું જ રહે છે.તલનું તેલ સામાન્ય તેલ નથી..!! તેની માલિશ કરવાથી શરીરને ઘણી રાહત મળે છે. તે લકવા જેવા રોગને પણ મટાડવાની ક્ષમતા ધરાવે છે.

**લેખ - 'આવકાર ગ્રુપ'માંથી સાભાર**

*જીવનની દરેક પરિસ્થિતિમાં સકારાત્મક વિચાર એ સારા કાર્યોની શરૂઆત છે.*

## જ્ઞાતિ ગૌરવ

### જયરાજ મુકેશ ઘઘડાની સાહસ અને રોમાંચ સાથેની સફર

અમદાવાદ રહેવાસી જયરાજ મુકેશ ઘઘડા અને તેમના મિત્રોએ ઉત્તરાખંડમાં આવેલા પંચકેદારમાનું એક કેદાર કંઠા જે સમુદ્ર તટથી ૧૨,૫૦૦ ફૂટ પર આવેલું છે. તેને સંપૂર્ણ રીતે ૨૦ ડિગ્રીમાં કેદાર કંઠા ટોચ પર જઈ નવા વર્ષના પહેલા દિવસે એટલે કે તા. ૧-૧-૨૦૨૫ ના રોજ ભારતનો તિરંગો લહેરાવ્યો હતો.

જયરાજ ઘઘડાએ આ પહેલા ૨૦૨૨મા અમદાવાદથી મનાલી થઈને વિશ્વના મોસ્ટ Important motorable road ગણાતા રોડ લેહ લડાખ અને લેહ લદાખથી શ્રીનગર અને શ્રીનગરથી અમદાવાદની કુલ ૭૦૦૦ થી ૮૦૦૦ કી.મી. ની સફર બાઈક પર કરી હતી.



## ખૂબ ખૂબ અભિનંદન

### Congratulations - VASHNAVI MANISH JAGDA




Age 12 years
(Native - Khageshri ) currently staying at Kandivali-West, Mumbai.
studying in 8th standard at Dr. Sarvepalli Radhakrishnan Vidyalaya Borivali West School
She participate in SFA Championship December 2024
Vashnavi won Gold Medal in JUDO
She won Gold Medal in WRESTLING
She won Gold Medal in THROW BALL
She won Bronze Medal in HAND BALL

# ગેરસમજણ

‘‘ભાભી આ હું શું સાંભળું છું’’ ભાઈ ભાભીના ઘરે આવી ઊચા અવાજે અંજુએ પૂછયું.

‘‘શું વાત છે અંજુબેન’’ ભાભીએ પૂછયું.

‘‘હું નામ નહિ આપુ, પણ તમારા પાડોશી બોલે છે!’’

‘‘અને તમોએ પાડોશીની વાત માની લીધી’’

‘‘એ માટે તો હું અહિયા આવી છું.’’

‘‘અંજુબેન એક વાત તમોને પુછું છું, તમો મારા બાપુજી મારા બાપુજી કહો છો, તમારે આ ના કહેવું જોઈએ. એ મારા પણ બાપુજી છે‘‘તેમને દુઃખી કોઈ કાળે ના કરું.’’

‘‘તમારી વાત સાચી, પણ અત્યારે બાપુજી ક્યાં ગયા છે.’’

‘‘તેઓ બહાર ગયા છે, તેમના મિત્રોને મળવા.’’

‘‘ઠીક છે, હું રાહ જોઉ છું.’’ આટલું કહી એક બાજુ બેસી ગઈ. અને બન્ને વાતો કરતા રહ્યાં.

અડધા કલાક બાદ બાપુજી ઘરમાં દાખલ થયા, હાથમાં થેલી હતી, અંજુને જોતા જ બોલ્યા

‘‘અંજુ બેટા તુ અહિયા, અચાનક’’

‘‘હા બાપુજી તમોને મળવા આવી છું.’’

‘‘સારું કર્યું, તુ આવી તે’’

‘‘બાપુજી તમો કયાં ગયા હતા?’’

‘‘આ જોને તારી ભાભીએ મમરાના લાડું અને તલ સાકરી બનાવી હતી તેણે કહ્યું કે બાપુજી તમારા સીનીયર સીટીઝન મિત્રો સાથે બેસી ખાજો.’’

‘‘ઓ એમ’’

‘‘વહુ બેટા તમોએ કહ્યું હતું તેમજ કર્યું.’’

મારા મિત્રોને બધાને કહ્યું કે મારી વહુ બેટાએ આ મોકલી છે, આજે મકરસંક્રાંત છે એટલે.’’

આ સાંભળી અંજુનું મોં પડી ગયું તેણે પોતાની ભાભી સામે જોયું ભાભી શાંતચિત્તે ઊભા હતા. થોડીવાર રહીને ભાભી બોલ્યા, ‘‘અંજુબેન આમ કોઈની વાત સાંભળી સાચું ના માની લેવું જોઈએ.અને બીજી મેં તમોને ક્યારેય નથી પૂછયું તમારા લગ્ન બાદ તમો સાસુ સસરાથી છ મહિનામાં અલગ થઈ ગયા હતા, બીજે રહેવા ચાલી ગયા હતા ત્યારે તમારા સાસુ-સસરાને દુઃખ નહિ થયું હોય.’’

‘‘સોરી ભાભી ! મારી ભૂલ થઈ ગઈ બીજાની વાતોમાં આવી ગઈ’’ આટલું કહી અંજુ ઘરની બહાર નીકળી ગઈ.

**– અમૃતલાલ પી. સોની**

**(વેમ્બલી-લંડન)**



*તમારી ઈચ્છા અને તમારી કલ્પના સાથે મળે છે ત્યારે સપના સાકાર થાય છે.*

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**દ્વારા,**





**'૩૨મા સમૂહ લગ્ન' નું આયોજન**

**ગુરુવાર, તા. ૦૧-૦૫-૨૦૨૫ સોનીવાડી ખાતે**

**રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.**

**જરૂરી વિગત સાથે સોનીવાડીમાં સંપર્ક કરવો.**





**સંપર્ક :**

**022-2898 3905 / 2899 9097**

**+91-93244 35547**

---

જાપાનમાં એક ગુજરાતી બિઝનેસમેન પોતાનો ધંધો કરે છે. સારી આવક અને મોટું ઘર હતું. તેમને ત્યાં ભોજન બનાવવા અને બાકીનું કાર્ય કરવા માટે જાપાની યુવતી આવતી હતી.

થોડા દિવસ પછી તે યુવતીએ ગુજરાતી બિઝનેસમેનને કહ્યું ''સાહેબ ! આવતી કાલથી તમારા ઘરકામ માટે અન્યને શોધી લેશો ? હું નહીં આવી શકું.''

ત્યારે ગુજરાતી ભાઈએ પુછયું ''તને શું સમસ્યા છે, પગાર ઓછો છે ?''

ત્યારે યુવતીએ જવાબ આપતા કહ્યું કે ''વાત પગાર નથી પરંતુ તમે પ્લેટમાં ભોજનનો ખૂબ બગાડ કરો છો તે સમસ્યા છે.''

ત્યારે ગુજરાતી ભાઈએ કહ્યું ''મારા પૈસા છે, હું તેને ગમે તે રીતે વાપરું, તને શું તકલીફ થાય છે ?''

''હા સાહેબ, પૈસા આપના જ છે, પરંતુ અનાજ મારા દેશનું છે. આ રીતે તેનો બગાડ થતો હું તો નહીં જ જોઈ શકુ, પરંતુ અમારા દેશનો કોઈ પણ નાગરિક નહી જોઈ શકે.''

જે દેશના નાગરિક આવું વિચારી શકે તે દેશ જ મહાન થઈ શકે.

- સ્વામી સચ્ચિદાનંદ (૧૯૬૦)

---

*વાત વ્યક્તિના વખાણની હોય તો બધા ખામોશ રહે છે, પણ જો વાત તેની બૂરાઈની હોય, તો મૂંગા અને અજાણ્યા લોકો પણ બોલવા લાગે છે.* - નેહા પુરોહિત

મોબાઈલ નામના એક નિર્જીવ રમકડાં એ જીવતા રમકડાં ને ગુલામ કરી દીધું છે



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

---

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora



કાવ્ય વિભાગ

## POEM

*One day I asked a rose that why*
*people like you so much even*
*though when you have*
*thorns on yourself?*
*The rose replied I know I have*
*thorns on myself but I also know*
*that my fragrance and my petals*
*are as good as heaven all*
*I mean to say is no one is*
*perfect everyone has their own*
*point of view if u see good in me*
*I am just fragrance and petals*
*but if you see bad in me then you*
*will also see my thrones.*

**Moral : You have to ignore someone's negativity to see their positivity.**

***- Zeel Bhagat***

## શબ્દ રસ્તો બનાવી જ લે

શબ્દ રસ્તો બનાવી જ લે,
કોઈને પણ મનાવી જ લે.
દુઃખ કદી થાય ના વૃક્ષને,
પાનખરને વધાવી જ લે.
પંખી આંધીથી પણ ના ડરે,
ખુદનું ઘર એ વસાવી જ લે.
સત્વ છે એટલું ઓમમાં,
તે અલખ તો જગાવી જ લે.
રોજની જેમ તું હારવા,
દાવ કોઈ લગાવી જ લે.

- અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'

---


## કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :
**બીનીતા કાગદડા શાહ – 9833293535**



## N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

*કોઈ પાત્ર ની પરિસ્થિતિ બદલાવવા થી આપણી નિષ્ઠા ન બદલવી જોઈએ,*
*આપણી નિષ્ઠા જ આપણુ પદ ઉચ્ચ રાખે છે.*


# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| ✻ એક અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ✻ આખા વર્ષના અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.



| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with<br>Institution<br>SWIFT Code | Bank of Baroda, Business Financial Services<br>Branch, Kandivali, Mumbai<br>BARBINBBIBK |

| | |
|---|---|
| **Name with Address** | |
| Account Name<br>Account Number | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: 20260100023592 |

| Bank Name | FOR DONATION IN INDIA |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ભેટ બદલ આભાર







**સ્વ. લખુભાઈ શામળાભાઈ ધકાણ**
**(જામકાવાળા)**
**સ્વર્ગવાસ : તા. ૦૮-૦૪-૧૯૮૦**

**સ્વ. જયંતીભાઈ લખુભાઈ ધકાણ**
**(જામકાવાળા)**
**સ્વર્ગવાસ : તા. ૦૩-૧૦-૧૯૯૮**



## સોની કાંતાબેન લખુભાઈ ધકાણ
## (જામકાવાળા)

કાંદિવલી નિવાસી સ્વ. કાંતાબેન લખુભાઈ ધકાણ (જામકાવાળા) પરિવાર તરફથી સ્વ. લખુભાઈ શામળાભાઈ ધકાણ અને સ્વ. જયંતીભાઈ લખુભાઈ ધકાણના સ્મરણાર્થે શ્રી મુકેશભાઈ લખુભાઈ ધકાણના હસ્તે સોનીવાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં રૂા. ૧૧,૦૦૦/- (અંકે અગિયાર હજાર) ની માતબર રકમ ભેટ સ્વરૂપે મળેલ છે.

દરેક વ્યક્તિનું સ્વપ્ન હોય છે કે મારી જ્ઞાતિ, મારો સમાજ હંમેશા વિકાસ અને પ્રગતિના પંથ ઉપર નિર્વિઘ્ને આગળ વધે તે સ્વપ્નને સાકાર કરવા માટે સમાજના દાન શ્રેષ્ઠીઓ તરફથી દાનનો ધોધ વહેતો રહે છે. આપણા સમાજના બાળકો ભણતરથી વંચિત ન રહે અને તેમનું ભવિષ્ય ઉજ્વળ બને તે માટે 'સોનીવાડી સંસ્થા' હંમેશા પ્રયત્નશીલ રહે છે આ પ્રયત્નને સફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન દાતાશ્રીઓ તરફથી મળી રહ્યું છે.

સોની કાંતાબેન લખુભાઈ ધકાણ (જામકાવાળા) પરિવાર તરફથી જ્ઞાતિના વિકાસમાં જે સહયોગ મળી રહ્યો છે તે માટે 'સોનીવાડી સંસ્થા' એમનો આભાર વ્યક્ત કરે છે.


હસ્તે : પુત્ર - ભાવીકભાઈ * પુત્રી - અવનીબેન (હાલ અમેરિકા)

PARAJIA SONI SANDESH (Monthly) • FEBRUARY 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726 • Postal Regn. No.: MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,

JIGNESH PRINTERS ✆ 98213 67898